INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી                                                            તા. ૨૭-૧૨-૨૦૨૩

- **'ભારત ન્યાય યાત્રા' ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધીના નેતૃત્વમાં મણિપુર થી પ્રારંભ થશેઃ કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી મલ્લીકાર્જુન ખડગે યાત્રાને પ્રસ્થાન કરાવશે.**
- **૬૫૦૦ કિ.મી. ની 'ભારત ન્યાય યાત્રા' ૧૪ રાજ્યોમાંથી પસાર થશે.**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, ભારત જોડો યાત્રા ની અભૂતપૂર્વ સફળતા બાદ આદરણીય રાહુલ ગાંધી ના નેતૃત્વ માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા 'ભારત ન્યાય યાત્રા' યોજાશે. 'ભારત ન્યાય યાત્રા' ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ મણિપુર થી પ્રારંભ થશે. ભારત ન્યાય યાત્રા ૬૨૦૦ કિલોમીટર લાંબી યાત્રા ૧૪ રાજ્યો માં થી પસાર થશે. ભારત ન્યાય યાત્રા ૧૪ જાન્યુઆરી એ પ્રારંભ થઇ અને મુંબઈ માં ૨૦ માર્ચ ના રોજ પૂર્ણ થશે. ભારત ન્યાય યાત્રા મણિપુર થી પ્રારંભ થઈ નાગાલેન્ડ, અસમ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઉડીસા, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર થી પસાર થશે. દેશ માં વધી રહેલ આર્થિક અસમાનતા, સામાજિક ધ્રુવીકરણ ને રોકવા અને સર્વસમાવેશી રાજનીતિ માટે ' ભારત ન્યાય યાત્રા ' ની શરૂઆત કરવા માં આવશે. ભારત ના લોકો ને આર્થિક, સામાજિક અને રાજનૈતિક ન્યાય મળી રહે તે માટે 'ભારત ન્યાય યાત્રા ' નું આયોજન કરવા માં આવશે.

કોંગ્રેસ પક્ષ ના રાષ્ટ્રીય નેતા શ્રી રાહુલ ગાંધી દ્વારા વિશ્વ રેકોર્ડ સમાન વિશ્વ ના કોઈ પણ રાષ્ટ્રીય નેતા એ ના કરી હોય તેમ સૌથી લાંબી કન્યાકુમારી થી કાશ્મીર સુધી ૪૫૦૦ કિલોમીટર ની સફળ ભારત જોડો યાત્રા યોજવા માં આવી હતી. સમગ્ર દેશ માં નફરત ના વાતાવરણ ને દુર કરી પ્રેમ અને ભાઈચારા નો સંદેશો લઈ શ્રી રાહુલ ગાંધી એ યાત્રા નું નેતૃત્વ કર્યું હતું. ભારત જોડો યાત્રા માં બાળપણ ની ઈજા હોવા છતાં વેદના સહન કરી ને દેશ માં જાત પાત ધર્મ ભાષા થી ફેલાતી નફરત ને દુર કરી પ્રેમ નો સંદેશો લઈ ને નીકળ્યા હતા. ભારત જોડો યાત્રા કન્યાકુમારી થી કાશમીર ના સમાપન પછી પણ ભારત જોડો યાત્રા ના સંકલ્પ ને આગળ વધારતા દેશ ના અલગ અલગ વર્ગ ના લોકો જોડે તેમની પીડા અને સંઘર્ષ માં સહભાગી થવા નો પ્રયત્ન કર્યો હતો. ટ્રક ડ્રાઈવર, કુલી, મજદુરો, ગેરેજ માં મિકેનિક જેવા વર્ગ જોડે સંવાદ કર્યો હતો.

ડુંગળી પકવતા ખેડૂતો પારાવાર મુશ્કેલીમાં મુકાયી રહ્યાં છે તેવા પત્રકારો દ્વારા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ખેડૂતોની આવક બમણી કરવાની મોટી મોટી વાતો કરતી કેન્દ્ર સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે ખેડૂતોની આવક અડધી અને ખર્ચ બમણો થઈ ગયો છે. ડુંગળી પકવતા ખેડૂતોને ન્યાય મળે તે માટે કોંગ્રેસ પક્ષ સ્થાનિક કક્ષાએ લડત લડી રહ્યો છે. કેન્દ્ર સરકારે તાત્કાલીક નિકાસબંધી ઉઠાવી લેવી જોઈએ. જેથી ખેડૂતોને પૂરતા ભાવ મળે.

પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજગુરુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી અને પ્રવક્તાશ્રી પાર્થીવરાજસિંહ કઠવાડિયા ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા